# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) ચૂંટણી પંચે આગામી વિધાનસભા ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ પહેલા અનેક રાજ્યોમાંથી રોકડ,દારૂ, ડ્રગ્સ સહિતનો 650 કરોડ થી વધુનો મુદામાલ જપ્ત કર્યો

2) અમેરિકાની હુમલાની ચેતવણી વચ્ચે,ઇરાને મિત્ર રાષ્ટ્રો માટે હોર્મુંઝ સ્ટ્રેટ ખુલ્લું હોવાની જાહેરાત કરી

3) સરકારે નાના 5 કિલોગ્રામ LPG સિલિન્ડરનું વેચાણ વધાર્યું. અત્યાર સુધીમાં લગભગ 6.6 લાખનું વેચાણ

4) આપત્તિગ્રસ્ત અફઘાનિસ્તાનને, ભારતે, માનવતાવાદી સહાય અને રાહત સામગ્રી પહોંચાડી

5) વર્તમાન સ્થિતીમાં, એર ઇન્ડિયાએ ઇઝરાયલ માટેની ફ્લાઇટ્સ ૩૧ મીમે સુધી સ્થગિત કરી દીધી.

6) IPL ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઇડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે કોલકાતામાં મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ELECTION COMMISSION

ચૂંટણી પંચે જણાવ્યું છે કે આગામી વિધાનસભા ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ પહેલા અનેક રાજ્યોમાં રોકડ, દારૂ, ડ્રગ્સ અને અન્ય પ્રલોભનો સંબંધિત જપ્તીઓ 650 કરોડ રૂપિયાને વટાવી ગઈ છે.

આ જપ્તીઓમાં રોકડ, દારૂ, માદક દ્રવ્યો, કિંમતી ધાતુઓ અને મતદારોને પ્રભાવિત કરવાના હેતુથી અન્ય મફત વસ્તુઓનો સમાવેશ થાય છે.

એક નિવેદનમાં, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે રાજ્યવાર ડેટા દર્શાવે છે કે પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ 319 કરોડ રૂપિયા જપ્ત થયા છે, ત્યારબાદ તમિલનાડુમાં 170 કરોડ, આસામમાં 97 કરોડ, કેરળમાં 58 કરોડ અને પુડુચેરીમાં 7 કરોડ રૂપિયા જપ્ત થયા છે.

ફરિયાદોનો ઝડપી જવાબ આપવા માટે 5,100 થી વધુ ફ્લાઇંગ સ્ક્વોડ તૈનાત કરવામાં આવ્યા છે, જેમાં 100 મિનિટની અંદર કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. વધુમાં, મુખ્ય સ્થળોએ અચાનક તપાસ કરવા માટે 5 હજાર 200 થી વધુ સર્વેલન્સ ટીમોની બનાવવામાં આવી છે.

# WEST BENGAL ELECTIONS

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચાર તેજ બન્યો છે, આગામી વિધાનસભા ચૂંટણી પહેલા ટોચના નેતાઓએ રાજ્યભરમાં સંપર્ક વધારવાના પ્રયાસો શરૂ કર્યા છે. રાજ્યમાં બે તબક્કામાં મતદાન આ મહિનાની 23 અને 29 તારીખે યોજાશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર બંગાળના કૂચ બિહાર જિલ્લામાં એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરી હતી અને જણાવ્યું હતું કે,

## (BYTE: PM MODI 1)

શ્રી મોદીએ રાજ્યમાં બી જે પી ની સરકાર આવશે તો વિકાસ સુનિશ્ચિત કરશે અને ઘુસણખોરોને ભગાડશે. તેમણે કહ્યું કે, કૂચ બિહારમાં ભારે ભીડ સાબિત કરે છે કે તૃણમૂલ કોંગ્રેસનો સમય પૂરો થઈ ગયો છે.

શ્રી મોદીએ રાજ્ય સરકાર પર તુષ્ટિકરણની રાજનીતિ અને ઘૂસણખોરી દ્વારા બંગાળના ભવિષ્ય અને ઓળખને જોખમમાં મૂકવાનો આરોપ મૂક્યો હતો.

શ્રી મોદીએ આરોપ લગાવ્યો હતો કે મમતા બેનર્જી સરકાર હેઠળ મહિલાઓ સુરક્ષિત નથી. કેન્દ્ર સરકાર શાસનમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે કામ કરી રહી છે, તેમણે ભાર મૂક્યો કે દેશભરમાં લાખો મહિલાઓ સુધી અનેક કલ્યાણકારી પહેલો પહોંચી ચૂકી છે.

## (BYTE: PM MODI 2)

પ્રધાન મોદીએ વચન આપ્યું હતું કે જો ભાજપ પશ્ચિમ બંગાળમાં સત્તામાં આવશે, તો પ્રાથમિકતાઓમાં ઔદ્યોગિકીકરણ, ખેડૂતોની આવક, મહિલાઓની સલામતી અને રોજગારનો સમાવેશ થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# S. JAYSHANKAR

પશ્ચિમ એશિયાના ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે વિદેશ મંત્રી એસ જયશંકરે ગઈકાલે ઈરાન,કતાર અને યુ. એ. ઈના તેમના સમકક્ષ મંત્રીઓ સાથે ટેલિફોનિક વાત કરી હતી.

પશ્ચિમ એશિયાના સંઘર્ષની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા માટે શ્રી શંકરે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી અને કતારના પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહમાન બિન જાસિમ અલ થાની તેમજ યુ. એ. ઈના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે પણ ફોન પર વાતચીત કરી હતી.

આ વાતચીતમાં વૈશ્વિક ઉર્જા પુરવઠા પર સંઘર્ષની અસર મુખ્ય હતી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે, ઈરાન પ્રત્યેની પોતાની ધમકીનો પુનઃ ઉચ્ચાર કરતાં આ ક્ષેત્રમાં તણાવમાં વધારો થયો હતો.

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટને પણ સંપૂર્ણ નિયત્રંણ કર્યા પછી વૈશ્વિક તેલ અને ગેસના ભાવમાં વધારો થયો છે, જે વૈશ્વિક તેલ અને LNG (પ્રવાહી કુદરતી ગેસ) ના લગભગ 20 ટકાનું સંચાલન કરે છે.

પશ્ચિમ એશિયા ભારતની ઉર્જા ખરીદીનો મુખ્ય સ્ત્રોત રહ્યો છે.

# ADD TRUMP THREATEN IRAN

દરમિયાન, ઈરાનના સંસ્કૃતિ મંત્રીએ કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ મિત્ર રાષ્ટ્રો સહિત વિશ્વ માટે ખુલ્લું છે પરંતુ ઈરાનના દુશ્મનો માટે બંધ છે.એક સમાચાર એજન્સીને આપેલા ઇન્ટરવ્યુમાં, સૈયદ રેઝા સલીહી-અમીરીએ કહ્યું, ઈરાની સમાજ સામાન્ય રીતે તેમના નિવેદનો પર ધ્યાન આપતો નથી, કારણ કે તે માને છે કે તેમની પાસે વ્યક્તિગત, વર્તણૂકીય અને મૌખિક સંતુલનનો અભાવ છે, અને તેઓ સતત વિરોધાભાસી સ્થિતિઓ વચ્ચે બદલાતા રહે છે. સલીહી-અમીરીએ કહ્યું કે, એવું લાગે છે કે ટ્રમ્પ એક એવી ઘટના બની ગયા છે જેનું સંપૂર્ણ વિશ્લેષણ ન તો ઈરાનીઓ કરી શકે છે.

# IRAN'S MINISTER OF CULTURE

અમેરિકાની હુમલાની ચેતવણી વચ્ચે ઈરાને મિત્ર રાષ્ટ્રો માટે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્યુ હોવાની જાહેરાત કરી છે. ઈરાનના સંસ્કૃતિ મંત્રીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તાજેતરની ધમકીઓને ફગાવી દીધી, અને તેમને એક અસ્થિર અને  ભ્રામક વ્યક્તિ ગણાવ્યા.

એક સમાચાર એજન્સીને આપેલા ઇન્ટરવ્યુમાં, સૈયદ રેઝા સલીહી-અમીરીએ કહ્યું, ઈરાની સમાજ સામાન્ય રીતે તેમના નિવેદનો પર ધ્યાન આપતો નથી, કારણ કે તે માને છે કે તેમની પાસે વ્યક્તિગત, વર્તણૂકીય અને બોલવામાં સંતુલનનો અભાવ છે, અને તેઓ સતત વિરોધાભાસી સ્થિતિઓ વચ્ચે બદલાતા રહે છે.

સલીહી-અમીરીએ કહ્યું કે, એવું લાગે છે કે ટ્રમ્પ એક એવી ઘટના બની ગયા છે જેનું સંપૂર્ણ વિશ્લેષણ ન તો ઈરાનીઓ કરી શકે છે કે ન તો અમેરિકનો. તેમણે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વ માટે ખુલ્લું છે પરંતુ ઈરાનના દુશ્મનો માટે બંધ છે.

# LPG CYLINDER

સરકારે નાના 5 કિલોગ્રામ LPG સિલિન્ડરનું વેચાણ વધાર્યું છે જે માન્ય ઓળખપત્રો દર્શાવીને LPG ડિસ્ટ્રિબ્યુટરશીપ પર કાઉન્ટર પર ઉપલબ્ધ છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું છે કે માંગને પહોંચી વળવા માટે પુરવઠો વધાર્યા પછી 23 માર્ચથી લગભગ 6.6 લાખ બોટલ 5 કિલોગ્રામ LPG સિલિન્ડર વેચાયા છે.

સબસિડીવાળા ઘરેલુ 14.2 કિલોગ્રામ સિલિન્ડરથી વિપરીત, 5 કિલોગ્રામ સિલિન્ડર બજાર દરે કિંમતમાં ઓછા ના હોય છે અને નજીકના LPG ડિસ્ટ્રિબ્યુટરશીપ માંથી ખરીદી માટે કોઈ સરનામાના પુરાવાની જરૂર નથી.

મંત્રાલયે જણાવ્યું હતું કે LPG ડિસ્ટ્રિબ્યુટર પોઈન્ટ પર અછતના કોઈ અહેવાલ નથી, 4 એપ્રિલના રોજ 51 લાખથી વધુ ઘરેલુ સિલિન્ડર ડિલિવર કરવામાં આવ્યા હતા અને કુલ માંગના 95 ટકા હિસ્સો ઓનલાઈન બુકિંગનો છે.

સરકારે કહ્યું છે કે પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ વચ્ચે તે અવિરત ઇંધણ પુરવઠો સુનિશ્ચિત કરવા, દરિયાઈ કામગીરીને સુરક્ષિત રાખવા અને ભારતીય નાગરિકોને મદદ કરવા માટે વ્યાપક પગલાં લઈ રહી છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ભાર મૂક્યો હતો કે દેશમાં પેટ્રોલ, ડીઝલ અથવા LPG ની કોઈ અછત નથી અને નાગરિકોને ગભરાટમાં ખરીદી ટાળવા વિનંતી કરી હતી. લોકોને LPG બુકિંગ માટે ડિજિટલ પ્લેટફોર્મ પર આધાર રાખવાની અને વિતરકોની બિનજરૂરી મુલાકાતો ટાળવાની સલાહ આપવામાં આવી છે.

સરકારે LPG માંગ પર દબાણ ઘટાડવા માટે નાગરિકોને PNG, ઇલેક્ટ્રિક કુકટોપ અને ઇન્ડક્શન સિસ્ટમ જેવા વૈકલ્પિક રસોઈ વિકલ્પો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

પુરવઠા બાજુએ, રિફાઇનરીઓ પર્યાપ્ત ક્રૂડ ભંડાર સાથે ઉચ્ચ ક્ષમતા પર કાર્યરત છે.આવશ્યક જરૂરિયાતોને પહોંચી વળવા માટે રાજ્યોને વધારાની કેરોસીન ફાળવણી પણ કરવામાં આવી છે.

અધિકારીઓએ સંગ્રહખોરી અને કાળાબજારને રોકવા માટે કડક દેખરેખ અને અમલીકરણ પગલાં પર પ્રકાશ પાડ્યો છે. માર્ચથી 50 હજારથી વધુ LPG સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા છે, 1,400 થી વધુ કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે, અને ઉલ્લંઘન માટે 36 વિતરકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# AFGHANISTAN FLOODS

ભારતે અફઘાનિસ્તાનને  પૂર અને ભૂકંપને કારણે મુશ્કેલ પરિસ્થિતિમાં માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત સામગ્રી મોકલી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ સહાયમાં રસોડાનો સેટ, સ્વચ્છતા કીટ, પ્લાસ્ટિક શીટ, તાડપત્રી, સ્લીપિંગ બેગ અને અન્ય આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે.

મંત્રાલયે કહ્યું કે ભારત અફઘાનિસ્તાનના લોકો સાથે ઉભું છે અને આ પડકારજનક સમયમાં માનવતાવાદી સહાય અને સમર્થન આપવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

# AIR INDIA FLIGHT

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે, એર ઇન્ડિયાએ ઇઝરાયલ માટે તેની ફ્લાઇટ્સ સ્થગિત કરી દીધી છે.

એર ઇન્ડિયાના એક અધિકારીએ જણાવ્યું હતું કે એરલાઇને નવી દિલ્હી-તેલ અવીવ રૂટ પર ફ્લાઇટ્સ 31 મે સુધી સ્થગિત કરી દીધી છે.

મોટાભાગની અગ્રણી એરલાઇન્સે તેલ અવીવ રૂટ પર તેમની કામગીરી સ્થગિત કરી દીધી છે, જેમાં ફક્ત ઇઝરાયલી કેરિયર્સ જ ગંભીર પ્રતિબંધો હેઠળ કાર્યરત છે. ફ્લાઇટ્સ સ્થગિત થવાથી ઇઝરાયલમાં રહેતા 40 હજારથી વધુ ભારતીયોમાં મોટી ચિંતાઓ ફેલાઈ છે જેઓ વ્યક્તિગત અથવા વ્યાવસાયિક કારણોસર અથવા પ્રદેશમાં વધતા તણાવથી બચવા માટે ભારતની મુસાફરી કરવા

માંગે છે. ઇઝરાયલ છોડવા માંગતા ભારતીયોએ જોર્ડન અથવા ઇજિપ્ત થઈને બંને દેશોમાં લેન્ડ ક્રોસિંગ દ્વારા પ્રવેશ કરવો પડે છે.

તેલ અવીવમાં ભારતીય મિશન વિવિધ માધ્યમોથી મુસાફરી કરવા માંગતા લોકોને મદદ કરી રહ્યું છે. દૂતાવાસે આ સમયગાળા દરમિયાન સમુદાય સાથે નિયમિત સંપર્ક પણ જાળવી રાખ્યો છે, 24x7 ઇમરજન્સી લાઇન ખોલી છે અને નોંધણી ઝુંબેશ પણ શરૂ કરી છે.

રાજદૂત જે પી સિંહ અને દૂતાવાસની ટીમે શનિવારે ઇઝરાયલમાં ભારતીય કામદારો અને વિદ્યાર્થીઓ સાથે વર્ચ્યુઅલ ચર્ચા કરી હતી જેથી તેમની ચિંતાઓ સાંભળી શકાય, તેમને "ચાલુ કટોકટી દરમિયાન અને તેનાથી આગળ સતત સમર્થન" આપવાની ખાતરી આપી શકાય

## IPL

IPL ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઇડર્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. આ મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે સાંજે 7.30 વાગ્યે રમાશે.

દરમિયાન ગઈકાલે રાત્રે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ચેન્નાઈ સુપર કિંગ્સને 43 રનથી હરાવ્યું. બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે નિર્ધારિત 20 ઓવરમાં ત્રણ વિકેટે 250 રન બનાવ્યા, જવાબમાં ચેન્નાઈ સુપર કિંગ્સ 207 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

બેંગ્લોર તરફથી, ટિમ ડેવિડે 25 બોલમાં 70 રન બનાવતા તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. જ્યારે બોલિંગમાં, બેંગ્લોરના ભુવનેશ્વર કુમારે ત્રણ, જેકબ ડફી, અભિનંદન સિંહ અને કૃણાલ પંડ્યાએ બે-બે વિકેટ ઝડપી

હતી. ચેન્નાઈ તરફથી સરફરાઝ ખાને સૌથી વધુ 50 રન, અને પ્રશાંત વીરે 43 રન બનાવ્યા.

ગઈકાલની પ્રથમ મેચમાં, લખનૌ સુપર જાયન્ટ્સે સનરાઇઝર્સ હૈદરાબાદને પાંચ વિકેટથી હરાવ્યું.

-----------------

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોમાં હોર્મુઝ સામુદ્રધુની ફરી ખોલવા અંગે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખના નિવેદન અંગેના સમાચાર મુખ્યશીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે કે - ઈરાન તાબે ના થતાં હતાશ ટ્રમ્પ ગાળાગાળી પર ઉતર્યા
- ફૂલછાબ લખે છે – હોર્મુઝ નહીં ખૂલે તો તબાહી : ટ્રમ્પ
- સંદેશ મૂડીઝના અહેવાલને ટાંકીને લખે છે – ઈરાન યુદ્ધથી ભારતમાં મોંઘવારી વધશે
- આ ઉપરાંત ભારતને ઈસ્લામિક સ્ટેટ બનાવવાનું ષડયંત્ર- જેહાદી મોડયુલનો પર્દાફાશ ,અમેરિકાએ ઇરાનમાં ફસાયેલા બીજા પાયલટને રેસક્યું કર્યો અને દેશમાં સોના, ચાંદી અને પ્લેટેનિયમની તમામ ચીજોની આયાત પર પ્રતિબંધ સહિતના સમાચાર વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.

- સૌરાષ્ટ્ર જતી ટ્રેનોને બાઈપાસ કરવા ગેરતપુર – સાણંદ- સાબરમતી રુટ પર ચોથી લાઇન નાખશે – આ સમાચારને દિવ્ય ભાસ્કરે છેલ્લા પાને પ્રકાશિત કર્યા છે.